# જાહેરનામું

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ટ્રાફીક શાખા/૬૭૧/૨૦૦૮,તા.૨૬/૩/૨૦૦૮.

આ કચેરીના હુકમ ક્ર. ગ/ઉપક/૧૫૭/૨૦૦૪, તા.૧૬–૧૧–૦૪ થી અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના વિસ્તારમાં તમામ પ્રકારના ભારે અને મધ્યમ વાહનોએ કયા સમય દરમ્યાન શહેરના કયા રોડ ઉપર વાહન ચલાવવું તે નિયત કરેલ છે. આ જાહેરનામામાં નારોલ સર્કલથી જશોદાનગર ચોકડી, સીટીએમ, નરોડા પાટીયા રોડ ઉપર તમામ પ્રકારના ભારે અને મધ્યમ વાહનો ૨૪ કલાક અવર જવર કરી શકશે એવું જણાવેલ છે.

હાલમાં ઉપરોકત નારોલ સર્કલથી સીટીએમ થઈ નરોડા પાટિયા જતા રોડ ઉપર બીઆરટીએસનું કામ ચાલુ છે જેને કારણે ટ્રાફીક સતત જામ રહે છે. અમદાવાદ શહેરમાં અને સમગ્ર રીતે રાજયમાં તથા પુરા દેશમાં વાહનોની સંખ્યા વધી વધેલ છે. એના કારણે પણ ટ્રાફીક જામ થાય છે. એ સિવાય પણ નારોલ સર્કલથી બારોબાર હિંમતનગર, ગાંધીનગર અને અન્ય બહારના સ્થળોએ જતાં આ ભારે અને મધ્યમ વાહનો માટે હાલમાં નારોલ સર્કલથી અસલાલી સર્કલ થઈ સરદાર પટેલ રીંગ રોડ ઉપર થઈને હિંમનગર, ગાંધીનગર, બાલાસિનોર વગેરે જગાઓએ જઈ શકાય છે. આથી આ ભારે અને મધ્યમ પ્રકારના વાહનો અનુસંધાને હું એસ.કે.સાઈકિયા, પોલિસ કમિશનર, અમદાવાદ શહેર, અમદાવાદ મને મળેલ સત્તા જે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) કલમ–૩૩(બી) મુજબ છે તે આધારે આ રોડ ઉપર ટ્રાફીક સરળતાથી ચાલે તે સારૂ નીચે મુજબનો હુકમ કરવા માગું છું.

હુ ક મ :–

નારોલ સર્કલથી જશોદાનગર ચાર રસ્તા, સીટીએમ ચાર રસ્તાથી નરોડા પાટિયા જતાં રોડ ઉપર ભારે અને મધ્યમ પ્રકારના વાહનો (લકઝરી બસ સહિત) સવારના ૮.૦૦ કલાક થી રાતના ૨૧.૦૦ કલાક સુધી અવર જવર કરી શકશે નહીં.

આ હુકમ એસ.ટી.કોર્પોરેશન, એ.એમ.ટી.એસ., ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને જાહેર સેવાની કામગીરી દરમ્યાન લાગુ પડશે નહીં.

આ કચેરી તરફથી આજથી એટલે કે તા.૨૬–૩–૨૦૦૮ થી દિવસ–૩૦ એટલે કે તા.૨૪–૪–૦૮ સુધી સુચિત જાહેરનામાના સમર્થનમાં / વિરોધમાં તથા સુધારા / વધારા માટે સુચનો મંગાવવામાં આવે છે. આપેલ સમય–મર્યાદાની અંદર નાગરીકો તરફથી મળેલ વાંધાઓ અંગે વિચારણા કરી આખરી જાહેરનામું બહાર પાડવામાં આવશે.

તા.૨૬/૩/૨૦૦૮.
અમદાવાદ.

(એસ.કે.સાઈકીયા)
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

નકલ સ. રવાના :–

(૧) જનસંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલરૂમ, અમદાવાદ શહેર.

૨/ જાણ સારૂ દૈનિક પત્રોમાં, દુરદર્શન તથા આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

<u>નકલ રવાના :–</u>

(૧) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૨) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૩) તમામ પો.ઈન્સ.શ્રી.............................અમદાવાદ શહેર.
  ૨/ જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે.

(૪) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક શાખા, અમદાવાદ શહેર. (૮ નકલ)
  ૨/ ટ્રાફીક મોબાઈલ વાન ધ્વારા જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.